# સાચી કમાણીનું રહસ્ય

— યશવંત કડીકર

એક ગામમાં એક વૃદ્ધ, ધનવાન જમીનદાર હતા. એમને બે દીકરા હતા. મિલકત ખૂબ જ હતી. જમીનદારને થયું કે પોતે હવે આ દુનિયામાં થોડા દિવસના મહેમાન છે. એટલે એમણે એમની મિલકત એમના બંને દીકરાઓને સરખે ભાગે વહેંચી આપી. થોડા દિવસો પછી એ માંદા પડયા.

એમણે એમના બંને પુત્રોને બોલાવીને કહ્યું – ‘હવે હું થોડા દિવસનો મહેમાન છું. મારો અંતકાળ આવી ગયો છે. આપણા ધંધાનું ધ્યાન રાખજો. મારી બે વાતો હંમેશાં યાદ રાખજો. પહેલી વાત એ કે જ્યારે ઘરથી કામ પર જાઓ તો છાંયડામાં જજો અને છાંયડામાં પાછા ફરજો.

બીજી વાત જ્યારે ખૂબ મુશ્કેલીમાં ધનની જરૂરત પડે તો ગામની પાસેના મંદિરના શિખરમાંથી લઈ લેજો, પરંતુ ત્યાં દિવસ આથમ્યા પછી અને સૂર્યના અસ્ત થવા પહેલાં જજો.’ આટલું કહીને જમીનદારે આંખો મીંચી દીધી.

જમીનદારના બંને દીકરાઓ વહીવટ સંભાળવા લાગ્યા. નાનો ભાઈ હોશિયાર હતો. એણે ખૂબ જ વિકાસ કર્યો અને થોડા દિવસોમાં ખૂબ જ ધન કમાઈ લીધું. મોટોભાઈ સીધો–સાદો અને મૂર્ખ હતો. એનુ ધન તો વધવાને બદલે ઘટતું જઈ રહ્યું હતું. એ દુઃખી હતો. રોજ નુકસાન જ થતું. એને પિતાની પેલી વાતો યાદ આવી.

એણે પહેલી વાતનો અમલ કર્યો. ઘરથી ધંધાની જગ્યા સુધી કમાનો લગાવડાવી દીધી અને છાંયડામાં જવા–આવવા લાગ્યો, પણ એનાથી કંઈ લાભ ના થયો, પરંતુ કમાનો લગાવડાવવામાં એનું બચેલું ધન પણ ખર્ચાઈ ગયું. હવે એણે બીજી વાત પર ધ્યાન લગાવ્યું. ‘પિતાજીએ કહ્યું હતું કે ‘જો ધનની જરૂરત પડે તો મંદિરના શિખર પરથી લઈ લેજે.


તે સમયસર મંદિરની પાસે ગયો. પણ ઘણીવાર સુધી વિચારતો જ રહી ગયો કે મંદિરના શિખરમાં ધન ક્યાંથી આવ્યું ?- તે નિરાશ થઈને ઘરે પાછો ફર્યો.

નાનો ભાઈ હોશિયાર હતો પણ દિલનો ઉદાર હતો. તે મોટાભાઈની મુશ્કેલી સમજી રહ્યો હતો. તે એમની પાસે ગયો અને કહ્યું – ‘પિતાજીએ જે વાતો કહી હતી, એમાં તમારી બધી સમસ્યાનું નિરાકરણ છૂપાયેલું છે.’

મોટાભાઈએ આશ્ચર્યથી કહ્યું – પણ એ તો મેં અજમાવીને જોઈ લીધું.’

નાના ભાઈએ હસીને કહ્યું – ‘છાંયડામાં આવવા–જવાનો મતલબ કમાનો લગાવીને આવવા–જવાનો નથી, પરંતુ સૂર્યોદય પહેલા નીકળો અને સૂર્યાસ્ત થયા પછી અંધારું થતાં ઘરે પાછા ફરો. આનાથી તમે તમારા વ્યવસાયમાં પૂરો સમય આપી શકશો અને એનાથી તમને લાભ જ થશે.’

‘એમ ? તો પછી બીજી વાતનો શો અર્થ હતો ? અત્યારે તો મારે ધનની ખૂબ જ જરૂરત છે.’ મોટોભાઈ ખૂબ જ ઉત્સુકતાથી બોલ્યો.



‘એ પણ કહીશ, મારી સાથે મંદિરે ચાલો !’

મંદિરની પાસે જઈને નાનાભાઈએ હાથના ઈશારાથી બતાવ્યું, મંદિરના શિખરનો પડછાયો અત્યારે (સાંજે) કયાં પડે છે ?’

એણે તરત જવાબ આપ્યો – ‘કૂવામાં’.

‘બસ, આટલી વાત તો હતી. કૂવામાં ધન દાટેલું છે, બીજું શું ?’

મોટોભાઈ ખુશ થતો નાચી ઊઠયો. ખોદાવીને ધન કાઢયું. પછી એનો વેપાર સરસ ચાલવા લાગ્યો. હવે તો તે દરેક વાતમાં નાનાભાઈની સલાહ લેતો હતો.

■